# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી અને રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

રાજ્યની પ્રાથમિક શાળાઓ માટે મુખ્ય શિક્ષકની નિમણૂક સીધી ભરતી અને બઢતીથી કરવાનું રાજ્યના શિક્ષણ વિભાગે તા.૧૮/૦૧/૨૦૧૨ ના જાહેરનામાથી નિશ્ચિત કરેલ છે. આ માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં લેવાની સંભાવના છે. આ કસોટી બહુ વિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની રહેશે. કસોટી ૭૫-૭૫ ગુણના બે વિભાગમાં હશે. કુલ ગુણ ૧૫૦ રહેશે. જેમાં વિભાગ-૧ માં સામાન્ય જ્ઞાન, વહીવટી સંચાલન તથા મેથડોલોજી અને એજ્યુકેશન સાયકૉલોજી જેવા વિષયનો સમાવેશ થશે. વિભાગ-૨ માં વિષય વસ્તુનો સમાવેશ હશે. મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં પાસ થવા માટે બંને વિભાગમાં ૫૦% ગુણ અને બંનેના મળી કુલ ૬૦% ગુણ મેળવવાના રહેશે. SC/ST/SEBC/વિકલાંગ ઉમેદવારોએ ઉત્તીર્ણ થવા માટે ૫૫% ગુણ મેળવવાના રહેશે.

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિના શિક્ષકોએ બઢતીથી મુખ્ય શિક્ષક બનવા માટે (HTAT) પાસ કરવી ફરજીયાત રહેશે.

આ અંગેના ઠરાવો/જાહેરનામાં www.gujarat-education.gov.in/seb અને www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. જેથી સંબંધિતોએ વેબસાઈટ જોવા વિનંતી.

(HTAT) પરીક્ષા અંગેની વિગતવાર જાહેરાત હવે પછીથી આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| | **ડૉ.ભરત પંડિત** | **આર.સી.રાવલ** |
| તા.૨૦/૦૧/૨૦૧૨ | અધ્યક્ષ | નિયામક |
| સ્થળઃ ગાંધીનગર | રાજ્ય પરીક્ષા બોર્ડ | પ્રાથમિક શિક્ષણ |